## લિથોટ્રિપ્સીથી સારવારનું ખર્ચ મજરે મળવા બાબત

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

ઠરાવ ક્રમાંક : એમએજી/1088-2289-અ

સચિવાલય : ગાંધીનગર, તા. 3-5-1991

**વંચાણે લીધા :-** કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ (તબીબી) ગાંધીનગરના પત્ર ક્રમાંક : ક-૧ ... લિથોટ્રિપ્સી - ઓ આર વહી 3279-80, તા. 9-10-90

**ઠરાવ :-** ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નીયમો, 1988 હેઠળ રાજ્ય સરકારી હોસ્પિટલમાં લિથોટ્રિપ્સી પહેલી સારવાર ઉપલબ્ધ ન હોઈ તે અંગેનું ખર્ચ રાજ્ય સરકારના કર્મચારી-અધિકારીઓને મળવાપાત્ર નથી આ સારવાર રાજ્યની અન્ય હોસ્પિટલ/સંસ્થાઓમાં ખર્ચ રિએમ્બર્સ કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે જણાવેલ, હોસ્પિટલ સંસ્થાઓમાં લિથોટ્રિપ્સી પદ્ધતિનો આપેલ સારવારના સંપૂર્ણ ખર્ચને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો 1988 હેઠળ રિએમ્બર્સને પાત્ર ગણવાનું આથી સરકાર ઠરાવે છે.

(1) ગુજરાત કેન્સર એન્ડ રિસર્સ ઈન્સ્ટિટ્યુટ સિવિલ હોસ્પિટલ, કમ્પાઉન્ડ, અમદાવાદ-16

(2) મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલ, અમદાવાદ.

(3) ધી ગુજરાત રિચર્સ એન્ડ મેડિકલ ઈન્સ્ટીટ્યુટ, શાહીબાગ, અમદાવાદ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. 16-3-91 ની નોંધથી મળેલ અનુમતી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) ડી.કે. પડયા

ઉપસચિવ

••••